પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર


E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૦૩, કુલ પાના:૪, તારીખ: ૨૩-૧૨-૨૦૨૦ બુધવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 103 PRICE :-RS. 1.50 DATE : 23-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાને AMU યુનિ.ના શતાબ્દી સમારોહમાં સંબોધન કર્યું

## એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવના મજબૂત થવી જોઈએ: મોદી



ન્યુ દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિડિયો-કોન્ફરન્સ દ્વારા અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના શતાબ્દી સમારોહમાં સંબોધન કર્યું હતું. તેમણે યુનિવર્સિટીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પર ટપાલ-ટિકિટ જાહેર કરી હતી. મોદીએ કહ્યું હતું, સૌપ્રથમ હું એએમયુના શતાબ્દી સમારોહમાં જોડાવાની તક આપવા બદલ આપ સૌનો આભારી છું. તમામ વિભાગની ઈમારતોને સુંદર રીતે શણગારવામાં આવી છે. આ ભારતનો અમૂલ્ય વારસો છે. એએમયુમાંથી તાલીમ લીધી હોય તેવા લોકો આજે વિશ્વના સેંકડો દેશોમાં છવાયા છે.

મને યુવાનો પાસેથી પણ કેટલીક અપેક્ષાઓ છે. એએમયુમાં જબરદસ્ત તાકાત છે. અહીં ૧૦૦ છાત્રાલયો છે. તેમણે સ્વતાંત્ર્યસેનાનીઓને શોધવાની યોજના બનાવવી જોઈએ, જેના વિશે હજી ઘણું સાંભળ્યું નથી. જો આપણને આત્મનિર્ભર ભારતને મજબૂત બનાવવા માટે એએમયુ તરફથી સૂચનો મળે, તો એ સારું હશે. આપણે ક્યાં અને કયા પરિવારમાં જન્મેલા, કયા ધર્મમાં ઊછરેલા છીએ એનાથી મોટું એ છે કે તેમની આકાંક્ષાઓ દેશની સાથે કેવી રીતે જોડાયેલી હોવી જોઈએ. વૈચારિક મતભેદો હોય છે, પરંતુ જ્યારે દેશનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવાની વાત આવે છે ત્યારે બધું એક બાજુ મૂકી દેવું જોઈએ. એવું કોઈ લક્ષ્ય નથી કે જે એકસાથે મળીને મેળવી ન શકીએ.

આપણે એક સામાન્ય જમીન પર કામ કરવું પડશે. તમામ ૧૩૦ કરોડ દેશવાસીઓને આનો લાભ મળશે. યંગસ્ટર્સ આ કામ કરી શકે છે. આપણે સમજવું પડશે કે રાજકીય સમાજનું મહત્ત્વનો ભાગ છે, પરંતુ સમાજમાં વધુ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ છે. રાજકારણથી પર પણ ઘણુંબધું હોય છે. બીજો એક સમાજ હોય છે. એએમયુના વિદ્યાર્થીઓ આ કરી શકે છે. મોટા ઉદ્દેશ માટે સાથે આવીએ છીએ તો બની શકે છે કે કેટલાક લોકો પરેશાન થાય. તેઓ પોતાના સ્વાર્થને સાબિત કરવા હેરાફેરીનો આશરો લેશે. રાજકારણ-સમાજ રાહ જોઈ શકે છે, પણ વિકાસ રાહ નથી જોતું. ગરીબ, વંચિત લોકો વધુ સમય રાહ જોઈ શકતા નથી. પાછલી સરકારોમાં મતભેદોના નામે ઘણો સમય પસાર થઈ ગયો છે, સાથે મળીને એક નવું આત્મનિર્ભર ભારત બનાવવું પડશે.

એએમયુમાં મુસ્લિમ છોકરીઓની સંખ્યા ૩૫% થઈ ગઈ છે. જાતિના આધારે ભેદભાવ ન થવો જોઈએ, દરેકને સમાન અધિકાર મળવો જોઈએ. આ એએમયુની સ્થાપનામાં સહજ હતું. પહેલા એવું કહેવામાં આવતું હતું કે જો સ્ત્રી શિક્ષિત થાય છે તો પરિવાર શિક્ષિત થાય છે. આનાથી પારિવારિક શિક્ષણ પર પણ ગાઢ પ્રભાવ પડે છે. મહિલાઓએ એટલા માટે શિક્ષિત થવું જોઈએ કે તેઓ પોતાના ભવિષ્યને સુરક્ષિત કરી શકે છે. ઈકોનોમિક ઈન્ડિપેન્ડન્ટ એમ્પાવર લઈને છે. પછી એ ઘર, સમાજને દિશા આપવાની વાત હોય કે દેશને દિશા આપવાની. દીકરીઓને વધુ ને વધુ ઉચ્ચ શિક્ષણ આપવું જરૂરી છે.

એક સમય એવો હતો જ્યારે દેશમાં મુસ્લિમ પુત્રીઓનો અભ્યાસ છોડી દેવાનો દર ૭૦% કરતાં વધારે હતો. આ પરિસ્થિતિ ૭૦ વર્ષ સુધી યથાવત્ રહી. આ પરિસ્થિતિમાં સ્વચ્છ ભારત મિશન શરૂ થયું. સરકારે મિશન મોડ પર શૌચાલયો બનાવ્યાં. ડ્રોપઆઉટ રેટ, જે ૭૦% હતો, હવે ૩૦% પર છે. પહેલાં મુસ્લિમ પુત્રીઓ શૌચાલય ન હોવાને કારણે અભ્યાસ છોડી દેતી હતી, હવે આવું નથી થઈ રહ્યું.

થોડા દિવસો પહેલાં જ મને ચાન્સેલર સૈયદના સાહેબનો પત્ર મળ્યો હતો. તેમણે વેક્સિનેશનમાં સહયોગ આપવાની વાત કરી. આવા જ વિચારોથી આપણે કોરોના જેવી મહામારી સામે લડી શકીએ છીએ. લોકો કહે છે કે એએમયુ એક શહેર જેવું છે. ઘણા વિભાગો અને લાખો વિદ્યાર્થીઓ વચ્ચે મિની ઈન્ડિયા દેખાય છે. ઉર્દૂની સાથે હિન્દી-અંગ્રેજી અને ઘણી ભાષાઓ શીખવવામાં આવે છે. કુરાનની સાથે ગીતા અને વિશ્વના અનેક ગ્રંથો પણ છે.


સર સૈયદે કહ્યું હતું કે જે વ્યક્તિ દેશની ચિંતા કરે છે તેની સૌથી મોટી ફરજ છે કે તેઓ લોકો માટે કામ કરે, ભલે પછી તેમનો ધર્મ, જાતિ કંઈ પણ હોય. જે રીતે માનવ જીવન માટે દરેક અંગ સ્વસ્થ રહેવું જરૂરી છે એ જ રીતે તમામ સ્તરે સમાજનો વિકાસ જરૂરી છે. દેશ એક જ રસ્તે આગળ વધી રહ્યો છે. દરેક નાગરિક બંધારણમાંથી મળેલા અધિકારોને લઈને નિશ્ચિત રહે. આપણે એવા માર્ગ પર આગળ વધી રહ્યા છીએ કે ધર્મને કારણે કોઈને પાછળ ન રહેવું જોઈએ. દરેકને વિકાસ માટે સંપૂર્ણ તકો મળવી જોઈએ. સૌનો સાથ, સૌનો વિશ્વાસ, તેનો મૂળ મંત્ર છે.

**Assure Cab**

**Never miss a flight**
BECAUSE WE ASSURE CAB ALWAYS ON TIME.
CALL OR WHATSAPP 7490866866
Travel One Way Pay One Way
ARE YOU STILL PAYING FOR TWO WAY CHARGES ?
GPS ENABLED ■ DOOR TO DOOR ■ SANITIZED CAR ■ TOLL TAX INCLUDED

| : AIRPORT FARES : | | : GUJARAT TO MAHARASHTRA : | |
|---|---|---|---|
| VADODRA TO AHMEDABAD | : Rs.1399 | RAJKOT TO MUMBAI | : Rs.8499 |
| SURAT TO TO AHMEDABAD | : Rs.3299 | AHMEDABAD TO MUMBAI | : Rs.6499 |
| SURAT TO MUMBAI | : Rs.3299 | VADODRA TO MUMBAI | : Rs.5499 |
| RAJKOT TO AHMEDABAD | : Rs.2299 | SURAT TO MUMBAI | : Rs.3299 |
| BHUJ TO AHMEDABAD | : Rs.3999 | | |

## વીજળી ગ્રાહકોને રાહત, નક્કી કરેલા કાપથી વધુ સમય પર વળતર ચૂકવશે વીજળી કંપનીઓ



ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે વીજ ગ્રાહકોના હિતમાં મહત્વના પગલા લેતા નવા નિયમો જાહેર કર્યા હતા. સોમવારે આ અંગેની માહિતી આપતા વીજળી મંત્રી આર.કે. સિંહે જણાવ્યું હતું કે, નવા નિયમોમાં ગ્રાહકોને ૨૪ કલાક વીજળી સેવા અને નક્કી કરેલા સમયે સેવા આપવાની વ્યવસ્થા અંગે નિયમ બનાવાયા છે. જો કોઈ વીજળી કંપની નિયમોનુ પાલન નથી કરતી તો તેણે દંડ ભોગવવો પડશે.

વીજળી મંત્રાલયના આ નિયમો ગ્રાહકોના અધિકારો સાથે જોડાયેલા છે. જે વીજ ગ્રાહકોને સશક્ત બનાવશે. નવા નિયમોમાં વીજળી જોડાણ અને હાજર કનેક્શનમાં સુધારાની જોગવાઈઓ કરવામાં આવી હતી. જે હેઠળ વીજળી કંપનીઓએ વીજળી કનેક્શન કે એમાં સુધારાના કામ મહાનગરોમાં વધુમાં વધુ સાત દિવસની અંદર, અન્ય નગર પાલિકાવાળા વિસ્તારોમાં વધુમાં વધુ ૧૫ દિવસમાં અને ગ્રામીણ વિસ્તારોમાં ૩૦ દિવસ દરમિયાન પૂરા કરવાના રહેશે. આ સિવાય નવા વીજળી કનેક્શન માટે ઓનલાઈન એપ્લીકેશનનો વિકલ્પ છે.

નવુ વીજળી કનેક્શન મીટર વગર નહીં મળે અને મીટર સ્માર્ટ કે પ્રિપેયમેન્ટ મીટર હશે. મીટરના ટેસ્ટિંગ સાથે ખરાબ, શોર્ટ સર્કિટ કે ચોરી થયેલા મીટર્સને બદલવાની જોગવાઈ કરવામાં આવી છે. આ દરમિયાન ગ્રાહકોની ફી અને બિલ અંગે ખાસ ચોખવટ કરવામાં આવી હતી. નવા નિયમો મુજબ ગ્રાહકો પાસે ઓનલાઈન અને ઓફલાઈન બિલ ચૂકવણીનો વિકલ્પ રહેશે. નવા નિયમ મુજબ વીજળી કંપનીઓએ તમામ ગ્રાહકોને ૨૪ કલાક વીજળી આપવાની રહેશે. નવા નિયમ હેઠળ ખેતી જેવા ક્ષેત્રોમાં વીજળી ગ્રાહકો માટે વીજળી વ્યવસ્થા નક્કી કરવાની રહેશે.

વીજળી કંપનીઓના પ્રદર્શનનું તારણ કનેક્શન માટે લાગતો સમય, વીજળી કાપ, ફરીથી ચાલુ કરવા, મીટરની જગ્યા બદલવાની, ગ્રાહકોની શ્રેણીમાં ફેરફાર, મીટર ચેન્જ કરવામાં લાગતો સમય, બિલ આપવાનો સમય, કનેક્શન કમ્પ્લેન્સનું સમયસર નિરાકરણ વગેરે મુદ્દાઓના આધારે કરવામાં આવશે. આ કંપનીઓ નક્કી કરેલા સમયમાં સેવા પૂરી નથી પાડતી તો ગ્રાહકોને દંડરુપે વળતર આપવુ પડશે.

વીજળી કંપનીઓએ ૨૪ કલાક અને સાત દિવસ કાર્યરત ટોલ ફ્રી કોલ સેન્ટર ઉભા કરવાના રહેશે. જેથી નિયમો હેઠળ ગ્રાહકોની સમસ્યાઓનું નિરાકરણ નક્કી કરેલા સમયમાં લાવવાનું રહેશે.

### સુપ્રિમ કોર્ટનો અનામત મુદ્દે મોટો ચુકાદો

## સરકારી નોકરીમાં જનરલ કેટેગરીની નોકરી માટે SC,ST,OBC પણ અરજી કરી શકે

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે સરકારી નોકરીમાં જનરલ કેટેગરીની નોકરીની જગ્યાઓ માટે એસસી, એસટી, ઓબીસી પણ અરજી કરી શકે છે. કેમ કે જનરલ કેટેગરીની નોકરીની જગ્યા દરેક માટે ઓપન માનવામાં આવે છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ યુ યુ લલિત, રવિન્દ્ર ભટ અને રિશિકેશ રોયે જણાવ્યું હતું કે જનરલ કે ઓપન કેટેગરી દરેક માટે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઓપન કેટેગરીમાં અનામતનો લાભ લેનારાઓને પણ અરજી કરવાનો અધિકાર છે કેમ કે ઓપન કેટેગરીમાં માત્ર મેરિટ જ આધાર હોય છે. સુપ્રીમ કોર્ટે સાથે એમ પણ કહ્યું છે કે કોટા પોલિસીનો મતલબ યોગ્યતાને નકારવાનો નથી. કોટા પોલિસીનો મતલબ કુશળ લોકોને નોકરીથી દુર રાખવાનો નથી. ભલે પછી તેઓ અનામત કેટેગરીમાં જ કેમ ન આવતા હોય. સુપ્રીમ કોર્ટે કહ્યું કે બેઠકોને ભરવા માટે યોગ્યતાને ધ્યાન પર લેવી જોઈએ અને કુશળ વિદ્યાર્થીઓને તેમાં પ્રાથમિક્તા મળવી જોઈએ. પછી આવા વ્યક્તિની જાતી કોઈ પણ કેમ ન હોય. સુપ્રીમે આ અવલોકન ઓપન કેટેગરીને લઈને કર્યું છે અને કહ્યું છે કે ઓપન કેટેગરીમાં મેરિટ જ એક માત્ર આધાર હોય છે અને તેથી તેમાં જનરલ, ઓબીસી, એસસી, એસટી કોઈ પણ કેટેગરીની વ્યક્તિ આવી શકે છે. સાથે કોર્ટે એમ પણ કહ્યું કે અનામત જાહેર સેવાઓમાં પ્રતિનિધિત્વ નિશ્ચિત કરવા માટે છે. તેને કઠોર ન બનાવી શકાય. આવુ કરવાથી સમાજનો દરેક વર્ગ અનામતના દાયરામાં આવીને રહી જશે અને મેરિટની ઉપેક્ષા થશે.

## દ્વિતિય માસીક પૂણ્યતિથી

આપે વિદાય લીધી પણ આપની યાદ હરપળે અનુભવીએ છીએ.
આપનો માયાળુ સ્વભાવ, પરિશ્રમી, નિર્ભળ અને સ્નેહભર્યા જીવનની સુવાસ સદાય મહેકતી રહેશે.
આપના પવિત્ર આત્માને પરમ શાંતિ મળે એ જ પ્રાર્થના સહ.....



**સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ**
**જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪ | સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦**

લી.
સ્વ. કાંતિલાલ પરસોત્તમદાસ પંચાલ | ગં.સ્વ.કલાવતીબેન કાંતિલાલ પંચાલ
દિલીપભાઈ જયંતિલાલ પંચાલ
પ્રવીણકુમાર પરસોત્તમદાસ પંચાલ | કુંજલતાબેન પ્રવીણકુમાર પંચાલ
વિજયકુમાર કાંતિલાલ પંચાલ | ભગવતીબેન વિજયકુમાર પંચાલ
ગં.સ્વ. આશાબેન અજયકુમાર પંચાલ
કૌશલ વિજયભાઈ પંચાલ | કિંજલ કૌશલભાઈ પંચાલ
કમલ વિજયભાઈ પંચાલ | દિપીકા કમલ પંચાલ
કરણ અજયકુમાર પંચાલ | ઉન્નતી રાજેશભાઈ પંચાલ
સૌરભકુમાર રાજેશભાઈ પંચાલ | વૈશ્નવી અજયકુમાર પંચાલ
અમુલ પ્રવીણભાઈ પંચાલ | હેતલ અમુલભાઈ પંચાલ
જીજ્ઞેશકુમાર હસમુખભાઈ પંચાલ | તેજલબેન જીજ્ઞેશકુમાર પંચાલ
મોક્ષા કૌશલ પંચાલ, દ્રિવ્શા કમલ પંચાલ, આયુષી અમુલભાઈ પંચાલ, શીવ જીજ્ઞેશકુમાર પંચાલ, ગૌતમી પંચાલ

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**ઘી ઓડીદ્રા દૂધ ઉ.સ.મં.લી.**
**મુ. ઓડીદ્રા, તા. ગોધરા**

**નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ટુંકી મુદતની જાહેર નિવિદા નં."૨૩" સને ૨૦૨૦-૨૧**
**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા–૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં. (૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી પાનમ સર્કલ ખાતે ટોઈલેટ બ્લોકના કામ માટે ઓફલાઈન ટેન્ડર, બી–૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૩.૮૦ લાખ છે. સદર કામના ટેન્ડરો ચાલુ કચેરી દરમ્યાન ઠેકેદારશ્રીએ પોતાના લેટરપેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, જરૂરી રજીસ્ટ્રેશન, ચાલુ નાણાંકીય વર્ષ–૨૦૨૦ ની બેંક સોલવન્સી, પાનકાર્ડ રજૂ કર્યેથી ટેન્ડરની નકલ તા.૩૧/૧૨/૨૦૨૦, ૧૨–૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા તા.૦૬/૦૧/૨૦૨૧ ના ૧૮.૦૦ કલાક સુધી ભાવો ભરેલા ટેન્ડરો રજી.પોષ્ટ એડી./સ્પીડ પોષ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શક્ય હશે તો તા.૦૭/૦૧/૨૦૨૧ ના ૧૨.૦૦ કલાકે ઉપરોકત કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડરો ખોલવામાં આવશે. એક અથવા બધા જ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ.

**કાર્યપાલક ઈજનેર**
**પાનમ યોજના વિભાગ**
**ગોધરા**

જિમાક/ગોધરા/૬૩૫/૨૦૨૦

**સુધારો જાહેર નિવિદા**
**ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોધરા (મહિલા)**

અગાઉ તારીખ ૨૪/૧૧/૨૦૨૦ ના રોજ દિવ્ય ભાસ્કર ન્યુઝ પેપરમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોધરા (મહિલા) દ્વારા પ્રસિદ્ધ થયેલ પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની જાહેરાત અન્વયે અરજી સ્વીકારવાની અંતિમ તારીખ૧૪/૧૨/૨૦૨૦ હતી. જેને ૧૩/૦૧/૨૦૨૧ ગણવાની રહેશે. તથા રૂબરૂ મુલાકાતની તારીખ ૨૧/૦૧/૨૦૨૧ રહેશે. આ સિવાયની તમામ બાબતો યથાવત રહેશે.

**આચાર્યશ્રી**
**ઔદ્યોગિક તાલીમ સંસ્થા**
**ગોધરા (મહિલા)**

જિમાક/ગોધરા/૬૩૨/૨૦૨૦

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહિસાગર જીલ્લાના ચાર તાલુકાઓમાં ૨૦૧૬ થી ૨૦૧૯ સુધીના

# મનરેગા કામોમાં ઓનલાઈન ડેટા એન્ટ્રીમાં ચેડા કરી ૭૬.૯૧ લાખની ગેરરીતિના કૌભાંડમાં પોલીસ ફરીયાદ

લુણાવાડા, મહિસાગર જીલ્લાના સંતરામપુર, વિરપુર, બાલાસીનોર અને લુણાવાડા તાલુકામાં મનરેગા કામોમાં ઓનલાઈન ડેટા એન્ટ્રીમાં ચેડા કરી ખાનગી એજન્સીના બીલો મૂકી ૭૬,૯૧,૨૫૧/– રૂપીયાનું કૌભાંડ ખુલવા પામ્યું હતું. આ બાબતે મહિસાગર જીલ્લા વિકાસ અધિકારીની સીધી સુચનાથી ચારે તાલુકાના ટી.ડી.ઓ. દ્વારા કૌભાંડમાં સામેલ કર્મચારીઓ અને એજન્સીઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવામા આવતાં મહિસાગર જીલ્લામાં ખડભડાટ વ્યાપી જવા પામ્યો છે.

મહિસાગર જીલ્લા લુણાવાડા, વિરપુર, બાલાસીનોર અને સંતરામપુર તાલુકામાં મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ ૨૦૧૬ની જુદી જુદી એજન્સીઓ અને તાલુકાઓના લોગીન આઈ.ડી., પાસવર્ડ અને ડીજીટલ સીગ્નેચર સર્ટીફિકેટ (ટી.એસ.પી.) નો દુરઉપયોગ કરવામાં આવ્યો અને મનરેગા સોફટવેરમાં જુના કામો ટી–ઓપન કરી તેના ઉપર એજન્સી બદલી નરેગાના સોફટવેર સાથે ચેડા કરી (એફ.ડી.ઓ.) મારફતે સીધા નાણા વેન્ડરોના ખાતામાં ટ્રાન્સફર કરી નાણાંકીય ગેરરીતિ કરેલાનું સામે આવ્યું છે.

### મનરેગા યોજનાના કૌભાંડમાં ૧૩ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

મહિસાગર જીલ્લાના ચાર તાલુકાઓમાં મનરેગા યોજનામાં ડેટા એન્ટ્રીમાં ચેડા કરી લાખો રૂપીયાની ગેરરીતિનું કૌભાંડ ખુલવા પામ્યું છે. આ કૌભાંડમાં એજન્સીઓના પ્રોપરાઈટર અને તેના વતી વ્યવહાર કરતાં ઈસમો, મનરેગાના કરાર આધારીત કર્મચારીઓ, ડી.આર.ડી.એ ઓફિસના કર્મચારીઓ મળી ૧૩ થી વધુ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ.

- મનરેગા યોજનામાં કૌભાંડના મામલે અંદાજીત ૧૩ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ.
- લુણાવાડા, વિરપુર, બાલાસીનોર, સંતરામપુર તાલુકાના મનરેગા કામોમાં ગેરરીતિ કૌભાંડ.

### તાલુકાવાર થયેલ ગેરરીતિ સામે વસુલાતની વિગત.....

| અનુ. | તાલુકાનું નામ | ગેરરીતિ થયેલ રકમ | વસુલાત થયેલ રકમ | બાકી વસુલાતની રકમ |
|---|---|---|---|---|
| ૧. | સંતરામપુર | ૯,૪૪,૨૪૫ | ૯,૪૪,૨૪૫ | ૦ |
| ૨. | લુણવાડા | ૪૫,૩૭,૬૯૪ | ૩૮,૮૦,૨૧૯ | ૬,૫૭,૪૭૫ |
| ૩. | વિરપુર | ૧૮,૨૬,૮૨૦ | ૧૦,૦૪,૬૦૪ | ૮,૨૨,૨૧૬ |
| ૪. | બાલાસીનોર | ૩,૮૨,૪૯૨ | ૨,૭૯,૦૦૦ | ૧,૦૩,૪૯૨ |
| કુલ :– | | ૭૬,૯૧,૨૫૧ | ૬૧,૦૮,૦૬૮ | ૧૫,૮૩,૧૮૩ |

મહિસાગર જીલ્લાના સંતરામપુર, લુણાવાડા, વિરપુર, લુણાવાડા તાલુકામાં નરેગા યોજનાના કામો કરવામાં આવેલ નાણાંકીય ગેરરીતિ તપાસ કરવામાં આવતી હતી અને તપાસમાં સાધનીક રેકર્ડ અને સોફટવેર આધારીત પુરાવા મેળવેલ હતા. જેમાં ૭૬,૯૧,૨૫૧/–રૂપીયાની કુલ નાણાંકીય ગેરરીતિ સામે આવી હતી. આ નાણાંકીય ગેરરીતિમાં સંડોવાયેલ જુદી–જુદી એજન્સીની પ્રોપરાઈટર્સ અને તેના વતી વ્યવહાર કરતા ઈસમો તેમજ મનરેગા યોજના કરાર આધારીત કર્મચારીઓની સંડોવણી બહાર આવી હતી. મનરેગા યોજનામાં લાખો રૂપીયાની ગેરરીતિના કૌભાંડમાં મહિસાગર જીલ્લા વિકાસ અધિકારીની સુચનાથી સંતરામપુર, વિરપુર, લુણાવાડા, બાલાસીનોર તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા સ્થાનિક પોલીસ મથકોમાં ફરિયાદ નોંધાવા આવી છે.

### ઓનલાઈન ડેટા એન્ટ્રીમાં ચેડા કરી કૌભાંડ આચર્યુ

મહિસાગર જીલ્લાના સંતરામપુર, લુણાવાડા, બાલાસીનોર, વિરપુર તાલુકામાં મનરેગા યોજનામાં ૨૦૧૬ થી ૨૦૧૯ના વર્ષ સુધી ઓનલાઈન ડેટા એન્ટ્રીમા ચેડા કરવામાં આવ્યા. ખાનગી એજન્સીના બીલો મૂકી ૭૬,૯૧,૨૫૧/-રૂપીયાનું કૌભાંડ આચરવામાં આવ્યું.

## મહીસાગર જિલ્લાના પાંસરોડા ગામના દિલીપ માટે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ બન્યો આશીર્વાદરૂપ

લુણાવાડા, બાળકોના આરોગ્ય સુખાકારી અને નિરામય સ્વાસ્થ્ય માટેના કલ્યાણકારી કાર્યક્રમોના અમલીકરણ માટે રાજ્ય સરકારનો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હરહંમેશાં તત્પર રહે છે. સરકાર દ્વારા ૦ થી ૧૪ વર્ષના બાળકોના સ્વાસ્થ્ય માટે રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજવામાં આવે છે અને આ રાષ્ટ્રીય બાળ સ્વસ્થ્ય કાર્યક્રમ થકી જરૂરિયાતમંદ બાળકોને પૂરતી સહાય અને સારવાર આપી અનેક



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

બાળકોના પરિવારમાં ખુશાલી આવી છે. એવા જ ગ્રામ્ય વિસ્તાર મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના પાંસરોડા ગામના પાટીયાનામુવાડા ફળીયાના ખેતી કરીને જીવન ગુજરાન ચલાવતા કાંતિભાઈ ઝાલાના પરીવારમાં પુત્ર દિલીપનું જન્મ જાત આંખના મોતિયાનું ઓપરેશન નિઃશુલ્ક થતા પરીવારમાં ખુશીની લાગણી પ્રસરી જવા પામી છે.

દિલીપની માતા કોકીલાબેન જણાવે છે કે, તેઓ ગામમાં ખેતી કરી જીવન ગુજરાન ચલાવે છે. મારાં દિકરા દિલીપને જન્મ જાત આંખના મોતિયો છે તેવુ જાણવા મળ્યુ ત્યારે અમને ઘણુંજ દુઃખ થયું તેને સારૂકરવા મુજ ગરીબને કયાંથી પૈસા મળશે અને મને કોણ સહાય કરશે એ જ વિચારમાત્રથી મારૂ હદય કંપી ઉંઠ્યું. તેવા કપરા સંજોગોમાં અમારા દિકરા વિશે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન પાંસરોડા આદર્શ વિદ્યાલયમાં અભ્યાસ કરતા મારાં ૧૩ વર્ષીય દિકરા દિલીપને આંખમાં ઓછું દેખાવવાની તકલીફ સામે આવી અને તપાસમાં જન્મ જાત આંખના મોતિયો હોવાનું જણાતા આર.બી.એસ.કે ના ડો.ભુપેન્દ્ર ઝાલા અને તેમની ટીમ દ્વારા અમદાવાદ પોલીયો ફાઉન્ડેશન ખાતે તા.૦૭/૧૧/૨૦૨૦ ના રોજ દિલીપની આંખનું નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવ્યું અને તેની આંખમાં ઓછું દેખાવાની ખામી દૂર કરવામાં આવી હતી. હાલમાં મારાં દિકરાની આંખમાં ઘણોજ સુધારો જોવા મળી રહયો છે. તેમજ આર.બી.એસ.કે ટીમ દ્વારા સમયાંતરે ગૃહ મુલાકાત કરવામાં આવી રહી છે.

આજે મારો દિકરો દિલીપ સારી રીતે જોઈ શકે છે અને આ જન્મ જાત આંખના મોતિયાની ખામી દૂર થતા તે સારૂજીવન જીવી શકશે તે માટે રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ચાલતા રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ થકી મારો દિકરો બીજા બાળકોની જેમ સ્વસ્થ જીવન જીવી રહયો છે. તે માટે હું સંવેદનશીલ રાજ્ય સરકારનો અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના સભ્યોનો હૃદય પૂર્વક આભાર માનું છું. તથા ભવિષ્યમાં અમારા જેવા અનેક લાભાર્થીઓ માટે આ યોજના આશાનું કિરણ બને તેવી શુભેચ્છા પાઠવું છું.

## લુણાવાડાના વડાગામ ચોકડી પાસે ટ્રક ચાલકે રિવર્સ લેતા ST બસને નુકસાન

લુણાવાડા, મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના વડાગામ ચોકડી પાસે ફતેપુરાથી માણસા જતી બસ બપોરના સાડા ચારેક વાગ્યે પેસેન્જર ઉતારવા ઉભી રાખતા તે વખતે એક લોર્ડિંગ ટ્રક રિવર્સ લેતા એસ.ટી.બસના આગળના ભાગે અકસ્માત કરી નુકસાન કર્યુ હતુ. તે અંગેની ફરિયાદ બાકોર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

લુણાવાડા તાલુકાના વડાગામ ચોકડી પાસે માણસા ડેપોની બસ માણસાથી ફતેપુરા ઉપડતી બસ ફતેપુરા પહોંચ્યા બાદ બસ રિટર્ન ફતેપુરાથી માણસા જતી હતી. તે વખતે બપોરે વડાગામ ચોકડી પર પેસેન્જરને ઉતારવા ઉભી રાખતા લોર્ડિંગ ટ્રક ગફલતભરી રીતે રિવર્સ લેતા એસ.ટી.બસના આગળના ભાગે નુકસાન થવા પામ્યુ હતુ. તે બાબતે બસના ડ્રાઈવરે ફરિયાદ આપતા બાકોર પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

## મહીસાગરમાં આજે ૧૦ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૮૯૬ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૨–૧૨–૨૦૨૦ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૧૮૯૬ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામમાં અત્યાર સુધીમાં કુલ ૧૭૯૦ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૦૨૪૧૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૩૧૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૧ દર્દી હોમ આઇસોલેશન, ૦૬ દર્દી લુણાવાડા (CCC), ૦૫ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૬ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૪ દર્દીઓ સ્ટેબલ, ૦૮ દર્દીઓ ઓક્સિજન પર છે.

## બાલાસિનોર એકતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગરમ કપડાનું વિતરણ કરવામાં આવ્યું



બાલાસિનોર, મહીસાગર જીલ્લાના બાલાસિનોર મુકામે એકતા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ રીયાઝભાઈ શૈખ દ્વારા ઉત્તમ પ્રકારની કામગીરીથી આજુબાજુની જનતાને આશરે ચારસોથી વધારે ગરમ કપડાનું વિતરણ કરવામાં આવ્યું અને આ સંસ્થા દર વરસે શિયાળામાં આ પ્રોગ્રામ રીયાજભાઈ શેખ દ્વારા કરવામાં આવે છે. તેમજ સરકારની વિવિધ યોજનાઓ સાથે સંકળાયેલી છે.

વિવિધ પ્રકારની કૌશલ્ય તાલીમ યોજના ચલાવે છે સાથે દિવ્યાંગ ભાઈઓ માટે પણ મદદરૂપ થાય છે. તેઓની આ કામગીરી પ્રસંશનીય કામગીરી મહીસાગર જીલ્લા ભરમાં થઈ રહી છે. વધુમા વધુ ઉતરાયણ મહોત્સવમાં આશરે એક હજાર પતંગોનું પણ ઉતરાયણ પર્વ પ્રસંગે વિતરણ કરવામાં આવશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૩-૧૨-૨૦૨૦, બુધવાર, નિજ માગશર સુદ-૯, સૂર્યોદય-૭-૨૪, સૂર્યાસ્ત-૬-૦૭, જૈન નવકારશી-૮-૧૧, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ રેવતી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૭-૨૪થી લાભ-અમૃત-૧૦-૦૫ સુધી, ૧૧-૨૬થી શુભ-૧૨-૪૬ સુધી, ૧૫-૨૭થી ચલ-લાભ-૧૮-૦૮ સુધી, ૧૯-૪૮થી શુભ-અમૃત-ચલ-૨૪-૪૩ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૨૪થી ૯-૧૨ સુધી, ૧૦-૦૫થી ૧૦-૫૯ સુધી, ૧૨-૪૬થી ૧૫-૨૭ સુધી, ૧૬-૨૧થી ૧૭-૧૪ સુધી |

## ભારતમાં કોરોના રસીનો પહેલો જથ્થો ૨૮મી ડિસેમ્બરના રોજ દિલ્હી આવશે

ન્યુ દિલ્હી, દેશમાં કોરોના વાયરસના ખાત્મા માટે કેન્દ્ર સરકારે કમર કસી લીધી છે અને ટૂંક સમયમાં લોકો કોવિડ-૧૯ રસીથી રસી લેવાનું શરૂ કરશે. મીડિયા રિપોર્ટ મુજબ ભારતમાં કોરોના રસીનો પહેલો જથ્થો ૨૮મી ડિસેમ્બરના રોજ દિલ્હી આવવાનો છે. ચાલો આપને જણાવી દઈએ કે દેશમાં ચાર જુદી-જુદી કંપનીઓ કોરોના રસીની તૈયારી કરી રહ્યું છે. થોડાંક દિવસ





પહેલાં પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યુ હતું કે ટૂંક સમયમાં દેશમાં કોરોનાની રસી લગાવાશે.

દિલ્હી એરપોર્ટના સીઈઓ વિદેહકુમાર જયપુરિયાએ આજે આ અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું કે ૨૮મી ડિસેમ્બરના રોજ કોરોના વેક્સીનનો પહેલો જથ્થો આવશે. આપણે દરરોજ ૮૦ લાખ શીશીઓ એક દિવસમાં હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવે છે. ભારતમાં કોવિશિલ્ડ રસીનું ટ્રાયલ ઘણા સમય પહેલાથી ચાલી રહ્યું હતું અને તે રસીની રેસમાં મોખરે છે.

કેન્દ્ર સરકારે ચાર મહિના પહેલા જ રાજ્ય સરકારો સાથે કોવિડ રસીકરણ માટેની તૈયારી શરૂ કરી હતી. રાજ્ય, જિલ્લા અને બ્લોક સ્તરે ટાસ્ક ફોર્સ બનાવવામાં આવી છે. દેશભરના કોવિડ રસીકરણમાં સામેલ સ્વયંસેવકોને તાલીમ આપનારા માસ્ટર ટ્રેનર્સને તાલીમ અપાઈ ચૂકી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષ વર્ધનના જણાવ્યા અનુસાર ૨૬૦ જિલ્લાઓમાં ૨૦,૦૦૦થી વધુ લોકોને ટ્રેનિંગ આપવામાં આવી છે.

કો-વિન નામનું એક ડિજિટલ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે, જે કોવિડ-૧૯ રસી વિતરણનું રીઅલ-ટાઈમ મોનિટરિંગ થઈ શકશે. તેની મોબાઈલ એપ્લિકેશન પણ વિકસિત કરવામાં આવી છે. હર્ષવર્ધને કહ્યું, “કો-વિનને એક એવા પ્લેટફોર્મ તરીકે વિકસિત કરવામાં આવી છે જ્યાં રસીને તેના તાપમાનની સાથે ટ્રેક કરાશે. આ સંભવિત લાભકર્તાને તેની બીજી માત્રા મળે અને પ્રમાણપત્ર ન આપવામાં આવે ત્યાં સુધી તેની વિગતો પણ રાખવામાં આવશે.

## દેશમાં જુલાઈ બાદ સૌ પ્રથમ વખત દૈનિક કેસ ૨૦ હજારથી નીચે

ન્યુ દિલ્હી, ભારતમાં કોરોના વાઈરસના કેસોમાં આજે મોટો ઘટાડો જોવા મળ્યો છે. લગભગ ૬ મહિના બાદ કોરોનાના નવા કેસોની સંખ્યા ૨૦ હજારની નીચે આવી છે. જે કોરોના સામે જંગ લડી રહેલા ભારત માટે સારા સમાચાર ગણી શકાય.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, ૨૪ કલાકમાં ભારતમાં કોરોનાના ૧૯,૫૫૬ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે આજ સમયગાળા દરમિયાન વધુ ૩૦૧ લોકોના મરણ થયા છે. નવા કેસ અને મરણ મામલે સોમવારની સરખામણીમાં મંગળવારે મોટો ઘટાડો નોંધાયો છે. ૨ જુલાઈ બાદ એટલે કે લગભગ ૬ મહિના બાદ નવા કેસોમાં આટલો મોટો ઘટાડો નોંધવામાં આવ્યો છે.

સોમવારે એક દિવસમાં કોરોનાના ૨૪,૩૩૭ નવા કેસ સામે આવ્યા હતા. જ્યારે આ આંકડામાં આજે સાડા ચાર હજાર ઓછા થઈ ગયા છે. આવી જ રીતે મરણ મામલે પણ સોમવારે ૩૩૩ની સરખામણીમાં આજે ૩૦૧ નોંધાયા છે. આ ૩૨નો ઘટાડો થયો છે.

ભારતમાં કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા એટલે કે એક્ટિવ કેસો પણ ઘટીને ૩ લાખની નીચે આવી ગયા છે. જે ૧૬૦ દિવસમાં સૌથી ઓછા છે. આ સંખ્યા કુલ કેસના ૩ ટકા માત્ર છે.

જ્યારે એક દિવસમાં રિકવર થનારા દર્દીઓની સંખ્યા ૩૦,૩૭૬ પર પહોંચી છે. જે નવા કેસ કરતાં ૧૦ હજાર વધુ છે. હાલ ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા ૨,૯૨,૫૧૮ છે, જ્યારે કોરોનાને માત આપનારા દર્દીઓની સંખ્યા ૯૬,૩૬,૪૮૭ પર પહોંચી ચૂકી છે.

ભારતમાં કોરોનાના કુલ કેસ ૧,૦૦,૭૫,૧૧૬ છે. જેમાં ૧,૪૬,૧૧૧ લોકોના મરણ થયા છે. દેશમાં કેરળ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશ કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત છે.

## કિસાન પરિવહન યોજનાનો લાભ લેવા માટે આઈ-ખેડૂત પોર્ટલ ઉપર ૨૫મી ડિસેમ્બર સુધી અરજી કરી શકાશે

ગોધરા, જિલ્લા ખેતીવાડી અધિકારી, પંચમહાલની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા આત્મનિર્ભર યોજના અંતર્ગત કૃષિ ઉત્પાદનના પરિવહન માટે મિડિયમ સાઈઝના ગુડ્સ કેરેજ સાધનની ખરીદી માટે સહાય મેળવવા આઇ–ખેડૂત પોર્ટલ ઉપર તારીખ ૨૫મી ડિસેમ્બર, ૨૦૨૦ સુધી ઓનલાઇન અરજીઓ કરી શકાશે. ઓનલાઇન કરેલી અરજીની પ્રિન્ટ સાથે ૭–૧૨/૮અ, આધારકાર્ડ અને બેંક પાસબુકની નકલ જેવા જરૂરી સાધનિક કાગળો સહિતની અરજીની નકલ ગ્રામસેવક અથવા તાલુકા કક્ષાએ ખેતીવાડી કચેરીએ પહોંચાડવાની રહેશે. પંચમહાલ જિલ્લાના વધુમાં વધુ ખેડૂતોને આ યોજનાનો લાભ લેવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, અગાઉ જે ખેડૂતોને જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને તેની મુદત પૂર્ણ થયેલ છે તેવા ખેડૂતો પોતાના સાધનની ખરીદી ૧૫/૦૧/૨૦૨૧ સુધી કરી જરૂરી સાધનિક કાગળો સાથે ક્લેઈમ પેપર રજૂ કરવા પણ યાદીમાં જણાવાયું છે.

## દૈનિક રાશીફળ

**તા.૨૩.૧૨.૨૦૨૦ બુધવાર**

મેષ(અ.લ.ઈ.) :- રોજીદી વ્યવસાયિક પ્રવૃત્તિ અંગે આત્મવિશ્વાસ કેળવવો. શેર સટ્ટામાં લાભની આશા ફળવાની.

વૃષભ(બ.વ.ઉ.) :- જમીન મકાનના કામકાજમાં સફળતા મલવાની. નોકરીમાં કાર્યભભર રહે. મિત્ર વર્તુળનો સહકાર રહે.

મિથુન(ક.છ.ઘ.) :- શેર સટ્ટામાં લાભ રહે. લાંબાભાળાનું રોકાણ થશે. નોકરીમાં કાર્યભાર બદલીના ચાન્સ-કર્જ ન કરવું.

કર્ક(ડ.હ.) :- વ્યવસાયમાં પરિવર્તનની ઈચ્છા ફળે રાજકીય રીતે અનુકુળ દિવસ યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહેશે.

સિંહ(મ.ટ.) :- વડીલો પાર્જીત મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા રહેશે માનસિક તનાવ હળવો થાય માતાશ્રીથી લાભ રહે.

કન્યા(પ.ઠ.ણ.) :- સાહિત્ય કલા ક્ષેત્રે અનુકુળતા રહે. સંયુકત પરિવારના વ્યવસાયમાં મનગમતા ફેરફારોની શકયતા ઉભી થાય.

તુલા(ર.ત.) :- દિવસ દરમ્યાન કાર્ય સફળતા મલવાના નવી યોજનામાં સફળતા, આર્થિક લાભ મલે શેર સટ્ટામાં લાભ.

વૃશ્ચિક(ન.ય.) :- સામાજીક ક્ષેત્રે ન ધારેલી સફળતા સ્વાસ્થ્ય જાળવું વિદેશ જવાની તક મલે. મોસાળથી લાભ મલે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક બાબતોને અગ્રિમતા આપશો. નોકરીમાં નવી ઓફર આવે. વિજાતીય મિત્રતા વધુ ગાઢ બને.

મકર(ખ.જ.) :- સર્જનાત્મક પ્રવૃત્તિમાં સફળતા નોકરીમાં નવી ઓફર આવે. યાત્રા પ્રવાસમાં અનુકુળતાવાળો દિવસ.

કુંભ(ગ.શ.સ.) :- નાણાકીય જવાબદારીઓ બાબત સર્તકતા રાખવી પરિવારના પ્રશ્નોમાં સફળતા નોકરીમાં લાભ રહેવાનો.

મીન(દ.ચ.ઝ.) :- આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું પ્રત્યેક કાર્યમાં સર્જનાત્મક વિચારોને પ્રબળ બનાવજો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# લીમડીના ચાકલીયા રોડ ઉપર અકસ્માતમાં બે યુવતિના મોત બાદ પરિવારજનો એ હંગામો મચાવ્યો : પોલીસ ઉપર હુમલો



દાહોદ,
ગઈકાલે ઝાલોદ તાલુકાના લીમડી નગરના ચાકલીયા રોડ ખાતે એક ટ્રકના ચાલકે રિક્ષાને અડફેટમાં લેતાં તેમાં સવાર બે આશાસ્પદ યુવતીઓના ઘટના સ્થળે મોત નિપજયાની ઘટના બાદ યુવતીના પરિવારજનોના ૧૨ જેટલા મહિલા સહિતના ટોળા દ્વારા લીમડી ચોકડી ખાતે રસ્તા પર ઉતરી આવી વાહન ચાલક પાસે પૈસાની માગણી સાથે ભારે હંગામો મચાવતા ઘટનાસ્થળે પોલીસ કાફલો દોડી આવ્યો હતો પોલીસે ટોળાને સમજાવવાની કોશિશ કર્યા છતાં પણ ટોળું ન માની પોલીસ પર પથ્થરમારો કરતા પંથકમાં ભયનો માહોલ સર્જાયો હતો પોલીસે આ ટોળા વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

લિમડી ચાકલિયા ચોકડી ખાતે ગતરોજ મહેશભાઈ રમસુભાઈ ડામોર રહેવાસી લીલવા ઠાકોર, તુફાન ભાઈ જોર સિંગ ભાઈ ડામોર રહેવાસી લીલવા ઠાકોર, અશ્વિનભાઈ કાંતિભાઈ ડામોર રહેવાસી ખરસોડ, રાકેશભાઈ ભુરસિંગ ભાઈ સંગાડા રહેવાસી હિરોલા, અરવિંદભાઈ કીર્તન ભાઈ ગણાવા, મંગળાભાઈ ડામોર, ગજસિંગભાઈ ડામોર, વિગેરે સહિત ૧૨ જેટલા મહિલા સહિતના ટોળાએ ચાકલીયા ચોકડી પર ભાઈ પહોંચ્યા હતા અને મૃતક યુવતીઓની લાસ ન સ્વીકારી આરોપી વાહનચાલક પાસેથી અમોને પૈસા આપવા આવો નહીં તો અમો લાશ લઈશું નહીં, તેમ કહી ઝઘડો તકરાર પોલીસ સાથે કરતા હતા પોલીસે આ દરમિયાન ઉપરોકત ટોળાંએ ખૂબ જ સમજાવ્યા છતાં પણ આ ટોળું ન સમજતાં ટોળા દ્વારા એકદમ ઉશ્કેરાઈ જે રોડની સાઈડમાં પટેલ પથ્થરો વડે પોલીસ કર્મચારીઓ ઉપર છૂટા પથ્થરો મારી પોલીસની કાયદેસરની કાર્યવાહી માં રૂકાવટ ઊભી કરી હતી આ ઘટનાથી લીમડી પંથકમાં ભારે ભયનો માહોલ પણ સર્જાયો હતો. આ સમગ્ર ઘટના મામલે લીંબડી પોલીસે ઉપરોકત ટોળા વિરૂદ્ધ ફરિયાદો નોંધી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# પીપલોદ ગામે બાઈક ચાલક સ્લીપ ખાઈ જતાં ઘટના સ્થળે મોત

દાહોદ,
દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ ગામે એક મોટર સાયકલના ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા મોટરસાયકલ પરનો કાબુ ગુમાવી દેતા મોટરસાયકલ સ્લીપ ખાઇ ગઇ હતી. જેને પગલે મોટરસાયકલ ચાલકને શરીરે તેમ જ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

દેવગઢ બારિયા તાલુકાના પીપળાવ ગામે પરમાર ફળીયામાં રહેતા ૫૬ વર્ષીય સરતનભાઈ તેરાભાઈ પટેલ ગત તારીખ ૨૧મી ડિસેમ્બરના રોજ પોતાના કબજાની મોટરસાયકલ લઈ દિપક ગામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન મોટરસાયકલની વધુ પડતી ઝડપના કારણે મોટરસાયકલ સ્લીપ ખાઈ જતા મોટરસાયકલ સાથે સરતનભાઈ જમીન પર ફંગોળાયા હતા જેને પગલે સરતનભાઈને તરીકે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

આ સંબંધે પીપલોદ ગામે રહેતા અરવિંદભાઈ ભારતભાઈ પટેલ દ્વારા દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દે.બારીઆ ખાતે આપ પાર્ટીના ધારાસભ્યે મુલાકાત લઈ નગર પાલિકા ચુંટણીની મીટીંગ યોજી

દે.બારીઆ,
આમ આદમી પાર્ટી દાહોદ જિલ્લા દ્વારા દેવગઢ બારીઆ મુકામે દિલ્હીના ધારાસભ્ય અને ગુજરાતના વરિષ્ઠ સહ પ્રભારી ગુલાબસિંગ યાદવના અધ્યક્ષ સ્થાને દાહોદ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને દાહોદ જિલ્લા, તાલુકા તેમજ નગરપાલિકાના સંભવિત ઉમેદવારો સાથે મિટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મધ્ય ગુજરાત સંગઠન મંત્રી પ્રો.અર્જુનભાઈ રાઠવા, દિલ્હી થી પધારેલા મધ્ય ગુજરાત પ્રભારી રોમીભાઈ ભાટી એ વિશેષ હાજરી આપી હતી.

જેમાં ગુલાબસિંગ યાદવ દ્વારા આવનાર ચૂંટણી અંગે સંભવિત ઉમેદવારો ને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. ઉપરાંત દેવગઢ બારીઆ તથા દાહોદ શહેરના કોંગ્રેસ અને ભાજપાના ૫૦ જેટલા કાર્યકરો એમની પાર્ટી ને તિલાંજલિ આપી આમ આદમી પાર્ટી સાથે જોડાયા હતા. પ્રો.અર્જુનભાઈ રાઠવા એ ભાજપ અને કોંગ્રેસ ની મિલીભગત ની રાજનીતિ ને ઉખાડી ફેંકી ને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી ને જીતાડવા કાર્યકર્તાઓ ને હાકલ કરી હતી.

# દાહોદ પંચાલ યુવા સંગઠન અને તાલુકા સંગઠન સમિતિની રચના કરાઈ

દાહોદ,
પંચાલ યુવા સંગઠન, ગુજરાત પ્રદેશના માર્ગદર્શન હેઠળ પંચાલ યુવા સંગઠન,દાહોદ તાલુકા યુવા સંગઠન સમિતિ ની રચના કરવામાં આવી જેમાં દાહોદ તાલુકા પંચાલ યુવા પ્રમુખ તરીખે હિતેશભાઈ પંચાલ, ઉપપ્રમુખ જિગ્નેશ ભાઈ પંચાલ, મંત્રી મિતેશભાઈ પંચાલ, ખજાનચી અંકુરભાઈ પંચાલ, પ્રચાર પ્રસાર દર્શન પંચાલ, સંગઠન મંત્રી ચિરાગભાઈ પંચાલ, હેમંતભાઈ પંચાલ, હાર્દિકભાઈ પંચાલ તથા જિલ્લાકારોબારીમાં દેવેન્દ્રભાઈ પંચાલ, નિલેષભાઈ પંચાલને સર્વસંમતીથી કાર્યભાર સોંપવામાં આવ્યો.

# દાહોદના સારસી ગામે હાઈવે ઉપર પેટ્રોલ પંપ નજીક હત્યા કરી સળગાવેલ મૃતદેહ મળતા ચકચાર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ તાલુકાના નાની સારસી ગામેથી પસાર થતાં ઈન્દોર–અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલ એલપીજી ગેસ પંપની સામેની બાજુ ડિવાઈડર પર કોઈક અજાણ્યા હત્યારાએ એક યુવકના માથાના ભાગે હથોડીના ઘા ઝીકી હત્યા કર્યા બાદ સળગાવેલી લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

વધુ મળતી માહિતી અનુસાર દાહોદ તાલુકાના નાની સારસી ગામેથી પસાર થતાં ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર સ્થિત એલપીજી ગેસ પંપની સામે ડિવાઈડર પર એક વ્યક્તિની લાશ અર્ધ બળેલી હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મળતી પ્રાથમિક માહિતી અનુસાર આ યુવકના માથામાં હાથોડીના ઘા ઝીકી મોતને ઘાટ ઉતાર્યા બાદ લાશને સળગાવવાનો પ્રયાસ કર્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. જોકે આ યુવકની ઓળખ હાલ થઇ શકી નથી. ત્યારે ઘટનાની જાણ દાહોદ તાલુકા પોલિસને થતાં પોલિસે હાલ યુવકની લાશનો કબ્જો લઇ પીએમ અર્થે ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી દીધી છે. ત્યારે આ યુવકની હત્યા કોણે અને ક્યાં કારણોસર કરાઈ છે. તે પોલિસ તપાસમાં જ બહાર આવશે તેમ લાગી રહ્યું છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે એકજ સાથે ૧૭ કોરોના સંક્રમણના કેસો નોંધાવા પામ્યા છે. આ સાથે કોરોના નો કુલ આંકડો ૨૫૧૪ને પાર થઈ ચૂક્યો છે.
આર.ટી.પી.સી.આર.ના ૨૧૮ પૈકી ૧૪ અને રેપીટ ટેસ્ટના ૬૩૦ પૈકી ૦૩ મળી આજે કુલ ૧૭ કેસો નોંધાયા છે. જેમાંથી દાહોદ અર્બનમાંથી ૧૧, દાહોદ ગ્રામ્ય માંથી બે, દેવગઢબારિયા અર્બન માંથી બે, લીમખેડામાંથી એક, અને સીંગવડમાંથી એક કેસો સામે આવ્યા છે. આજે વધુ ૧૬ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૩૦ ઉપર પહોંચી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી ૮૯ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

# દાહોદ જિલ્લામાં આંગણવાડીઓમાં બચેલા ચોખાના જથ્થાનુ બાળકોમાં વિતરણ કરાયુ

દાહોદ,
કોરોના મહામારીના પગલે તકેદારીના ભાગરૂપે રાજય સરકાર દ્વારા બંધ કરવામાં આવેલી આંગણવાડીમાં બચેલા ચોખાનો જથ્થો બાળકોમાં વિતરણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી દાહોદ જિલ્લાના દોઢ લાખ બાળકોને ૫.૫૬ લાખ કિલો ચોખાનુ વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યુ છે.

આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ગરમ નાસ્તાની અવેજીમાં તા.૧૬/૦૩ થી તા.૩૧/૦૫ સુધી બાલશકિત ટેકહોમ રેશન આપવામાં આવ્યુ હતુ. પરંતુ આ ગરમ નાસ્તાની અવેજીમાં આપવામાં આવતા બાલશકિત ટેકહોમ રેશનના બદલે આંગણવાડી કેન્દ્રમાં ઉપલબ્ધ અનાજ અને તેલના જથ્થાનો ઉપયોગ કરી અઠવાડિયામાં એક વાર સુખડી બનાવી આપવામાં આવે છે.

# દાહોદ પાલિકા વિસ્તારના અસ્થાયી દબાણો દુર કરી ૧૨ હજારનો દંડ વસુલ્યો

દાહોદ,
દાહોદ નગરપાલિકા દ્વારા ચાલતી અસ્થાયી દબાણો હટાવો ઝુંબેશ અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાંથી દબાણો દુર કરાવી રૂ.૧૨ હજારનો દંડ વસુલ્યો હતો.

દાહોદના નેતાજી બજાર અને સ્ટેશન રોડ ખાતે પાલિકાકર્મીઓની અધિકારીઓ અને અન્ય કર્મચારીઓની ટુકડીને અસ્થાયી દબાણો હટાવવાની ઝુંબેશ તા.૨૧ ડિસેમ્બરના રોજ પણ ચાલુ જ રાખતા આ વિસ્તારમાંથી અનેક દબાણો દુર કરાવી જે તે વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરાતા કુલ રૂ.૧૨ હજારનો દંડ વસુલવામાં આવ્યો હતો.

# દે.બારીઆના રાણીપુરાની સગીરાનું લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

દે.બારીઆ,
દેવગઢ બારિયા તાલુકાના રાણીપુરા ગામેથી એક ૧૩ વર્ષીય સગીરાને એક યુવક દ્વારા લગ્નની લાલચ આપી પટાવી ફોસલાવીને અપહરણ કરી લઈ નાસી જતા પોલીસમાં ફરિયાદ નોંધાઇ જાણવા મળે છે.

દેવગઢ બારિયા તાલુકાના નવિબેડી ગામે રહેતો કલ્પેશભાઈ રામસિંગભાઈ કોળી દ્વારા ગત તારીખ ૧૮મી નવેમ્બરના રોજ દેવગઢ બારીયા તાલુકામાં રહેતી એક ૧૩ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી પટાવી ફોંસલાવીને પત્ની તરીકે રાખવા સારૂ તેના ગામમાંથી જ અપહરણ કરી નાશી જતા આ સંબંધે સગીરના વાલી વાયરસ દ્વારા દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે યુવક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ફતેપુરા અંબાજી મંદિર વિસ્તારમાં ગટરો ઉભરાતા લોકો પરેશાન

ફતેપુરા,
ફતેપુરાના અંબાજી મંદિર વિસ્તારમાં રસ્તા પર ગટરોની ચેમ્બરનુ ગંદુ પપરાણી ઉભરાતા લોકો હેરાન પરેશાન બન્યા હતા. સ્થાનિકો દ્વારા પંચાયતના સભ્ય અને સરપંચને રજુઆતો કરતા તાત્કાલિક અસરથી લોકોની સમસ્યા હલ કરાઈ હતી. છેલ્લા બે દિવસથી ગટરની ચેમ્બરનુ ગંદુ પાણી ઉભરાઈ રસ્તા પર ફરી વળતા મંદિર જતાં દર્શનાર્થીઓને ગંદા પગે જવાનો વારો આવ્યો હતો. સમસ્યાને લઈને લોકો સહિત સ્થાનિકો પણ હેરાન પરેશાન બન્યા હતા. સમસ્યા જટિલ બનતા સ્થાનિકો દ્વારા પંચાયતના વોર્ડના સભ્ય તેમજ સરપંચને રજુઆત કરાતા તાત્કાલિક અસરથી ચેમ્બરો સાફ કરી ઉભરાતી ચેમ્બરોની સમસ્યા હલ કરાઈ હતી. નગરમાં ચેમ્બરોના ભરાવાથી લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. ત્યારે સરપંચ કચરુભાઈ પ્રજાપતિ સાથે વાતચીત કરતા તેઓએ આ સમસ્યાના નિવારણ માટે કાયમી ઉકેલ માટે ગામમાં ખુલ્લી ગટરો બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ હોવાનુ જણાવ્યુ હતુ.

# પંચમહાલ R&Bના ત્રણ કામદારોને બાકી નીકળતા નાણાં ચુકવવા કોર્ટનો આદેશ

ગોધરા,
પંચમહાલ જિલ્લાના કાર્યપાલક ઈજનેર આર.એન્ડ બી. વિભાગ ગોધરા તાબાની કચેરીમાં તા.૨૧/૦૧/૮૪થી રોજમદાર તરીકે લીલાબેન આરતસિંહ બારીયા તા.૨૧/૧૧/૭૨થી ફરજ બજાવતા શનાભાઈ કાળુભાઈ પગી તથા તા.૨૧/૧૧/૭૩થી ફરજ બજાવતા જેઠાભાઈ ખાતુભાઈ પગીને સરકારના નિયત કરેલ નિવૃત્તિના નિયમો મુજબ આ કામદારોને નિવૃત્ત કરેલા પરંતુ નિવૃત્તિ સમયે તેઓને રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી પેન્શન, ગ્રેજ્યુઈટી અને ૩૦૦ રજાનો લાભ આપવાનો સરકારનો પરીપત્ર હોવા છતાં તેઓની નોકરીના ૧૦ વર્ષ બાદ કરી અપુરતુ પેન્શન, અધુરી ગ્રેજ્યુઈટી આપવામાં આવી હતી. પરંતુ ૩૦૦ રજાના લાભથી વંચિત રખાતા આ રોજમદાર કામદારો ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ અંબાલાલ ભોઈને મળી તેમને થયેલા અન્યાય બાબતે રજુઆત કરતા ફેડરેશનના પ્રમુખે આર.એન્ડ બી.વિભાગ સાથે સંકળાયેલા તમામ અધિકારીઓને નોટિસ પાઠવી તમામ રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી પેન્શન, ગ્રેજયુઈટી, ૩૦૦ રજાઓના નાણાં ચુકવી આપવા જાણકારી કરેલ છે. પરંતુ સદંતરે આ બાબતે કોઈ પ્રત્યુત્તર ન મળતા જણાવેલ કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન દ્વારા એડવોકેટ દિપક આર.દવે મારફતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જે અંગે જોરદાર દલીલો ચાલતા ગુજરાત હાઈકોર્ટના ન્યાયમુર્તિ રમાશુતોષ જે.શાસ્ત્રીએ લીલાબેન બારીયા, શનાભાઈ પગી તથા સ્વ.જેઠાભાઈ ખાતુભાઈ પગીના વારસ ગલીબેન જે પગીને માંગણી મુજબ બાકી પડતુ પેન્શન તફાવત, ગ્રેજ્યુઈટી તફાવત અને ૩૦૦ રજાનો લાભ આપવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

# પંચમહાલ જિલ્લામાં નોન ટ્રાન્સપોર્ટ મોટર સાયકલ વાહનોના નંબરની નવી સિરીઝની શરૂઆત

ગોધરા,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર (મોટરસાયકલ)વાહનો માટે તારીખ ૨૪/૧૨/૨૦૨૦ના રોજ જી જે–૧૭–બીએસ ૦૦૦૧ થી ૯૯૯૯ સુધીના નંબરની નવી નોન ટ્રાન્સપોર્ટ સિરીઝ શરૂ કરવામાં આવશે, જેમાં પસંદગીના નંબરો મેળવવા માંગતા અરજદારોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવાની તારીખ ૨૪/૧૨/૨૦૨૦ સવારે ૧૦:૩૦ કલાકથી તારીખ ૩૦/૧૨/૨૦૨૦ સાંજે ૧૮:૦૦ કલાક સુધીનો સમય રહેશે અને બીડિંગનો સમય તા.૩૧/૧૨/૨૦૨૦ના સવારે ૧૦.૩૦ કલાકથી સાંજે ૧૮.૧૦ કલાક સુધીનો રહેશે. ત્યારબાદ તારીખ ૦૧/૦૧/૨૦૨૧ના રોજથી પસંદગીના નંબરોની ફાળવણી કરવામાં આવશે. આ પસંદગીના નંબરોની અરજી કરવા માટે વેબસાઈટ https://parivahan.gov.in/fancy/ છે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા અરજદારોએ તેઓના વાહનનો કર ભર્યા તારીખથી દિન–૦૭ની અંદર ઉપરોક્ત દર્શાવેલ વેબસાઈટ પર જઈ ઈગઅ ફોર્મ ભરવું ફરજીયાત છે. જો અરજદાર આ ઈગઅ ફોર્મ ભરવાનું ચૂકી જશે તો પસંદગીનો નંબર મેળવવા માટે યોગ્યતા ધરાવશે નહી, જેની ખાસ નોંધ લેવા યાદીમાં જણાવાયું છે.

# મોરવા(હ)તાલુકા પંચાયતની મુદ્દત પુર્ણ થતાં અંતિમ સામાન્ય સભા યોજાઈ

શહેરા,
મોરવા(હ)તાલુકા પંચાયતની પાંચ વર્ષની મુદ્દત પુર્ણ થતાં અંતિમ સભા યોજાઈ હતી. જેમાં તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા તમામ સભ્યોનુ સાલ ઓઢાડી સન્માન કરાયુ હતુ. તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને યોજાયેલી સભામાં તાલુકા પંચાયતના ચુંટાયેલા તમામ સભ્યોની ઉપસ્થિતિમાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળામાં થયેલ વિકાસના કામોની ચર્ચા કરવામાં આવી હતી.

મોરવા(હ)તાલુકા પંચાયતની યોજાયેલ અંતિમ સભામાં તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા તમામ સભ્યોનુ સાલ ઓઢાડી સન્માન કરાયુ હતુ. તાલુકા વિકાસ અધિકારીનુ પ્રમુખ દ્વારા સન્માન કરી સમૃતિચિહ્ન અર્પણ કર્યુ હતુ. જયારે વંદેલી બેઠકના તાલુકા પંચાયત સભ્યે પણ તાલુકા વિકાસ અધિકારીને સમૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કર્યુ હતુ.

(પાન નં.૪ નું ચાલુ)

**૬૧માં રાજયકલા પ્રદર્શન.....**

પાસેથી કલાકૃતિઓ સ્પર્ધા માટે મંગાવવામાં આવી છે. હાલ, કોરોના મહામારીને ધ્યાને લઇ આગામી તા.૨૮ ડિસેમ્બર, ૨૦૨૦થી તા.૦૩ જાન્યુઆરી, ૨૦૨૧ (રવિવાર સહિત) દરમિયાન નિયત અરજી પત્રકો જીલ્લા રમતગમત અધિકારીની કચેરી, જીલ્લા સેવા સદન ભાગ–૨, પ્રથમ માળ, ગોધરા જી.પંચમહાલ ખાતે રૂબરૂ/કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે. ત્યારબાદ કે તે પહેલા મળેલા અરજીપત્રકો/કલાકૃતિઓ સ્વીકારવામાં આવશે નહિ. અરજીપત્રકો સંપૂર્ણ વિગતો ભરીને, કલાકૃતિઓ સાથે રજૂ કરવાના રહેશે. આ સ્પર્ધાનું ફોર્મ જીલ્લા રમતગમત અધિકારીની કચેરી ખાતેથી મેળવી શકાશે. આ અંગે જરૂર જણાયે ગુજરાત રાજ્ય લલિતકલાકલા અકાદમીના ટેલીફોન નં ૦૭૯–૨૬૪૨૫૫૬૨ પરથી વધુ માહિતી મેળવી શકાશે તેમ જિલ્લા રમતગમત અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

**શહેરાના ઉમરપુર ગામે....**

તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. શહેરા તાલુકાના ઉમરપુર ગામ પાસે પસાર થતી કૂર્ણ નદીના કિનારે આવેલા વણકરવાસના સ્મશાનની નજીકમાં એક દફનવિધિ કરેલ લાશના પગો ઉપર કૂતરાઓ એ ખાડાની માટી ખસેડી કાઢતા લાશના પગો બહાર આવી ગયા હતા. સ્થાનિક ગામના સુરેન્દ્રસિંહ તેમજ દિનેશભાઈ પરમારને સ્મશાન પાસે દફનવિધિ કરેલ લાશના પગો જોવા મળતા તેઓએ આ બાબતની જાણ ગામના સ્થાનિક સરપંચને કરવામાં આવી હતી. વાયુવેગે વાત સમગ્ર ગામમાં પ્રસરી જતા મોટી સંખ્યામાં ગ્રામજનો સ્મશાન ખાતે ઉમટી આવ્યા હતા. ગામના જાગૃત નાગરિક અર્જુનસિંહ પરમાર એ આ બનાવની જાણ પોલીસને કરતા સ્થાનિક પોલીસ મથકનો સ્ટાફ બનાવ સ્થળ ખાતે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. પોલીસે હાલ તો જાણવા જોગ ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથધરી છે.

# અખિલ ભારતીય વણકર સમાજ મહાસંઘ મહીસાગર જિલ્લામાં મોટી સરસણ ગામે સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો



લુણાવાડા,
મહીસાગર જિલ્લા અખિલ ભારતીય વણકર સમાજ મહાસંઘ ના દ્વારા મહીસાગર જિલ્લાના નવ નિયુકત હાદ્દેદારો તેમજ તાલુકાના પ્રમુખોના પરિચય બેઠક અને સન્માન સમારોહમાં રાષ્ટ્રીય અદયક્ષ અનિલભાઈ ચક્રવર્તી, રાષ્ટ્રીય મહાસચિવ સંગઠન અમિત પરમાર, રાષ્ટ્રીય મહાસચિવ પ્રકાશભાઈ ધારવા, સંગઠન પ્રદેશ અદયક્ષ કે.પી.વાઘેલા, વરિષ્ઠ ઉપાદયક્ષ શીવાભાઈ .પી. વણકર, પ્રદેશ મહિલા મહાસચિવ કુમારી જાગૃતિ સુતરીયા, પ્રદેશ સંગઠન મંત્રી હિમતસિહ પરમાર, પ્રદેશ સંગઠન મંત્રી ભાનુભાઈ પરમાર, મદયઝોન ગુજરાતના પ્રભારી જયંતિભાઈ પ્રણામી, સહ પ્રભારી એડવોકેટ નિતેશ સુતરીયા હાજર રહી મહીસાગર જિલ્લાના નવનિયુક્ત હોદ્દેદારો મહિલા યુવા ના અને તાલુકાના મહિલા યુવા ના હોદ્દેદાર પરિચય બેઠક અને સન્માન સમારોહ અખિલ ભારતીય વણકર સમાજ મહાસંઘના રાષ્ટ્રીય મહાસચિવ સંગઠન અમિત પરમારના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લાના મહાસંઘ પ્રમુખ દિનેશભાઈ પરમાર અને મહામંત્રી રતનબને પ્રણામી, એલ.કે.વણકર, મહીસાગર જિલ્લા મહિલા પ્રભાગના પ્રમુખ શાંતાબેન .ડી. વણકર, મહીસાગર જિલ્લા યુવા પ્રભાગ પ્રમુખ મહેશભાઈ.કે.પરમારના નેતૃત્વ હેઠળ મહીસાગર જિલ્લા દ્વારા જીલ્લાના નવ નિયુકત હોદ્દેદારોના તેમજ અન્ય તાલુકાના પ્રમુખો અને મહામંત્રીઓ આગેવાનોની ઉપસ્થિતિમાં મહીસાગર જિલ્લા સંતરામપુર તાલુકા મોટી સરસણ ઉતર બુનિયાદી આશ્રમ શાળા ખાતે યોજાયો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 103

## કાલોલ મામલતદાર કચેરી ઈન્ચાર્જ સર્કલ ઓફિસરના વચેટીયા તરીકે

# સ્ટેમ્પ વેન્ડર દ્વારા નોંધ પડાવવા વ્યવહારની માંગણી કરતો ઓડીયો વાયરલ

- રેગ્યુલર સર્કલ ઓફિસરના વ્યહાર બાકી હોય તેવા અરજદારનું લીસ્ટ ઈન્ચાર્જ સર્કલને સોંપાયું.
- ઈન્ચાર્જ સર્કલના વચેટીયા તરીકે સ્ટેમ્પ વેન્ડર રશ્મિભાઈ પરમારે ફોન ઉપર સર્કલના નામે વ્યવહારની માંગણી કરી.
- કાલોલ મામલતદાર કચેરીમાં વ્યવહાર વગર નોંધ મંજુર થતી નથી.
- વ્યવહારના નાણાં ન આપતા નોંધ રદ કરવાની ધમકી.
- સ્ટેમ્પ વેન્ડર એ સર્કલ ઓફિસરના નામે પૈસા માંગ તો ઓડિયો વાયરલ.
- આવા ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર ત્યારે કાર્યવાહી થશે ખરી ?
- કચેરીમાં લાંચ રૂશ્વત અને એજન્ટ પ્રથા નથી તેવા સ્લોગનવાળા બેનરો નીચે ચાલતો ભ્રષ્ટાચાર.

કાલોલ,

પંચમહાલ જીલ્લા કાલોલ મામલતદાર કચેરીમાં પોસ્ટર લગાવીને લાંચ રૂશ્વત માંગણી કરાય તો બોર્ડમાં દર્શાવેલ ટોલ ફ્રી નંબર ઉપર ફોન કરી જાણ કરવી. તેવા બોર્ડ લગાડવામાં આવ્યા છે. સાથે મામલતદાર કચેરીમાં એજન્ટ પ્રથા ચાલતી નથી. અરજદાર જાતે નોંધ પડાવી શકે છે. તેવા સ્લોગન લખેલા હોય તેવી મામલતદાર કચેરીમાં સ્ટેમ્પ વેન્ડર વચેટીયા તરીકે કામગીરી કરે છે. સર્કલ ઓફિસરના નામે ખુલ્લે આમ વ્યવહાર માંગતો ઓડિયો ફરતો થયો છે. હાલ કાલોલ સર્કલ ઓફિસર તરીકે ચાર્જ સંભાળતા અધિકારી દ્વારા વચેટીયા રાખીને લાંચ માંગવામાં આવતી હોય તેવો કિસ્સો સામે આવ્યો છે. ત્યારે શું આવા ભ્રષ્ટાચારને છાવરવામાં આવશે કે પછી કોઈ કાર્યવાહી કરાશે.

કાલોલ મામલતદાર કચેરીમાં અધિકારીઓ અથવા કર્મચારીઓ દ્વારા લાંચ માંગણી કરવામાં આવે તો લાંચ રૂશ્વત કચેરીના ટોલ ફ્રી નંબર ઉપર ભ્રષ્ટાચાર ફરિયાદ કરવાના બોર્ડ લગાડવામાં આવ્યા છે. સાથે મામલતદાર કચેરી કાલોલમાં એજન્ટ પ્રથા ચાલતી નથી. અરજદાર નોંધ પડાવવા માટેની પ્રક્રિયા જાતે કરશે. તેવા સ્લોગન સાથેના બોર્ડ જાગૃતિ માટે મૂકવામાં આવ્યા છે. તેમ છતાં જાણે કાલોલ મામલતદાર કચેરીમાં જમીનમાં નોંધ પડાવવા માટે વ્યવહાર ન અપાય તો ત્યાં સુધી કામ થતું નથી. મામલતદાર કચેરીમાં સ્ટેમ્પ વેન્ડર તરીકે કામ કરતાં રશ્મિભાઈ પરમાર જે સર્કલ ઓફિસરના વચેટીયા તરીકેની ભૂમિકા નિભાવી રહ્યા છે. મામલતદાર કચેરીમાં સ્ટેમ્પ વેન્ડર તરીકે કામગીરી કરતાં રશ્મિભાઈ પરમાર દ્વારા સર્કલ ઓફિસરના નામે લાંચની માંગણી કરે છે અને સર્કલ ઓફિસરને નોંધ મંજુર કરવા માટે ૪ હજાર રૂપીયા આપવા પડશે. તેમ ટેલીફોન વાત કરી હતી અને જો આજે રૂપીયા નહી આપો તો નોંધ રદ કરી દેશે. તેમ જણાવ્યું હતું. જેને લઈ અરજદાર સ્ટેમ્પ વેન્ડર રશમીભાઈ પરમારને મળ્યા હતા. ત્યારે જણાવ્યું હતું કે, રેગ્યુલર સર્કલ ઓફિસરના જે અરજદારો પાસે વહેવાર બાકી છે. તેવા અરજદારોનું લીસ્ટ હાલના ઈન્ચાર્જ સર્કલ ઓફિસરને લીસ્ટ આપવામાં આવ્યું છે. જેથી મામલતદાર કચેરીમાં સ્ટેમ્પ વેન્ડર તરીકે કામ કરતાં રશ્મિભાઈ પરમારને કેટલાક અરજદારો પાસેથી નોંધ પડાવવાના વ્યવહાર પેટે પૈસાની લેવડ-દેવડ બાકી હોય તેવા અરજદારોના મોબાઈલ નંબર અને કાચી નોંધ સાથેનું લીસ્ટ આપવામાં આવ્યું હતું. જેને લઈ સ્ટેમ્પ વેન્ડર રશ્મિભાઈ પરમાર જે અરજદારોનો વ્યવહાર બાકી હોય તેવા અરજદારોનો સંપર્ક કરે છે અને વ્યવહારના નાણાં નહિ આપો તો નોંધ રદ કરવામાં આવશે. તેમ અરજદારો સાથે હાલના ઈન્ચાર્જ સર્કલના નામે વાત કરતા હોવાનો ઓડિયો વાયરલ થયો છે.

કાલોલ મામલતદાર કચેરીમાં ખુલ્લેઆમ નોંધ મંજુર કરાવવા માટે વચેટીયાને રોકીને લીસ્ટ આપીને લાંચ પેટેના વ્યવહારની માંગણી કરવામાં આવતી હોવાનો ઓડિયો ફરતો થયો છે. ત્યારે આવા ભ્રષ્ટાચાર આચરતા સર્કલ ઓફિસર અને વચેટીયા ઉપર કોઈ કાર્યવાહી અધિકારીઓ દ્વારા કરવામાં આવશે ખરી ?

# ઘોઘંબા તાલુકા ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા તેર દિવસ થી કહેર મચાવનાર દીપડો આખરે પાંજરે પુરાયો




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ગોયાસુંડલ,કાંટા વેડા જેવા ગામોમાં તેમજ સમગ્ર ઘોઘંબાના જંગલ વિસ્તારમાં હાહાકાર મચાવનાર દીપડો આખરે પાંજરો પુરાયે હતો. છેલ્લા તેર દિવસ થી સ્થાનિક વન વિભાગ ને પરેડ કરાવનાર અને ગ્રામ્યજનોમાં ભયનો માહોલ ઉભો કરનાર દીપડો આખરે પાંજરે પુરાયો હતો. છેલ્લા તેર દિવસના સમયગાળામાં બે બાળકો અને ત્રણ વ્યક્તિ પર જીવ લેણ હુમલો કરનાર તેમજ બકરીનું મારણ કરનાર ખુંખાર દીપડાને સ્થાનિક વન વિભાગ દ્વારા ગોયા સુંડલ ગામના જંગલ વિસ્તારમાં મુકવામાં આવેલા પાંજરા માં દીપડો સાંજના સમયે પુરાતા વન વિભાગના અધિકારીઓ તેમજ કર્મીઓમાં જીવમાં જીવ આવ્યો હતો. ત્યારે આ ઝડપાયેલા દીપડાને ધોબી કુવા સેન્ટર ખાતે મોકલવાની તજવીજ હાથ ધરાઈ હતી.

### બે સપ્તાહ થી દિપડાના આતંકવાળા ઘોઘંબા પંથક માંથી આખરે દિપડો પાંજરે પુરાયો

ઘોઘંબા પંથકમાં છેલ્લા બે સપ્તાહ થી આદમખોર માનવભક્ષી દિપડાનો આતંક થી લોકો ભયભીત હતા. દિપડાને પકડવા માટે વન વિભાગની ટીમો રાત-દિવસ એક કરી રહી હતી. દિપડો બે વખત પાંજરા માંથી બકરીનું મારણ કરી નાશી છુટીયો હતો. જેને લઈ ગ્રામજનોમાં ભય વધ્યો હતો. ત્યારે સુરત વન વિભાગના એક્સપર્ટ ટીમ અને સ્થાનિક વન વિભાગની મહેનત રંગ લાવી છે. આજરોજ ગોયાસુંડલ ગામે થી મોડી સાંજ આદમખોર દિપડો આખરે પાંજરે પુરાતા ઘોઘંબા પંથકના લોકોમાં હાશકારો લીધો છે.

ખુંખાર દીપડાને ઝબ્બે કરવા સ્થાનિક વનવિભાગ દ્વારા સુરત વન વિભાગ અને એક્સપર્ટ ની મદદ લેવામાં આવી હતી તેમજ આજ રોજ વડોદરા રેન્જના સી.સી.એફ અનુરાધા સાહું એ તાબડતોબ મુલાકાત લીધી હતી અને દીપડા ને વહેલી તકે ઝડપી પાડવામાં આવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. ત્યારે તેઓના મુલાકાત ના થોડાક કલાકોમાં જ દીપડા ને ઝડપી પાડવામાં વન વિભાગ ને સફળતા હાથ લાગી હતી. ત્યારે દીપડો ઝડપાતા સ્થાનિક ગ્રામજનોમાં હાશકારો અનુભવ્યો હતો.

# ગોધરા-વડોદરા હાઈવે ઉપર આવેલ કુશા કેમિકલમાં આગ લાગવાની ઘટના બાદ ગ્રામજનો દ્વારા કંપની બહાર દેખાવો



### કંપની નજીક આવેલ ગ્રામાજનો દ્વારા કંપની બંધ કરવા અગાઉ ગાંધીનગર સુધી રજુઆત કરી છે

કુશા કેમિકલ કંપનીમાં ગઈકાલના રોજ ધડાકાભેર આગ લાગવાની ઘટના બની છે. તે અગાઉ એક વર્ષ પહેલા કેમિકલ કંપનીમાં ઉત્પન્ન થયેલ ઝેરી કેમિકલ હવામાં ભળવાને લઈ કંપની નજીક આવેલ ગામની શાળાના બાળકોને અસર થઈ હતી. કંપની માંથી ઉત્પન્ન થયેલ ઝેરી કેમિકલની અસરથી બેભાન થયેલ બાળકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ગ્રામજનો દ્વારા કુશા કેમિકલ કંપની બંધ કરવા માટે ગાંધીનગર સુધી રજુઆત કરી હતી. તે અંગે કોઈ નિર્ણય લેવાયો નથી. ત્યાં બીજી આગ લાગવાની ઘટના બની.

- ગ્રામજનો દ્વારા કંપની બંધ કરવા અથવા ગામનું સ્થાળાંતર કરવાની માંગ.
- કંપની માલિકે ગ્રામજનો સાથે બેઠક કરી નિર્ણય માટે ત્રણ દિવસની માંગ કરી.
- ગ્રામજનો દ્વારા કંપની બંધ કરવા જીલ્લા કલેકટરને આવેદન આપ્યું.

ગોધરા,

ગોધરા– વડોદરા હાઈવે રોડ ઉપર નાંદરખા ગામે આવેલ કુશા કેમિકલમાં ગઈ કાલે કેમિકલ ટેન્કમાં ધડાકાભેર આગ લાગવાની ઘટના બનવા સામે આવી હતી. કેમિકલ કંપનીમાં આગની ઘગના બાદ ગ્રામજનોમાં ડરનો માહોલ સર્જાવા પામ્યો છે. કેમિકલ કંપનીની સામે ગ્રામજનો એકઠા થયા હતા અને કંપની બંધ કરવામાં આવે અથવા ગામનું સ્થાળાંતર કરવામાં આવે તેવી માંગ કરી હતી. કેમિકલ કંપનીના માલિક દ્વારા પાંચ ગ્રામજનો સાથે બેઠક યોજી હતી. કંપની માલિકે વિચારવા માટે બે થી ત્રણ દિવસનો સમય માંગવામાં આવ્યો.

ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ નાંદરખા ગામે આવેલ કુશા કેમિકલ કંપનીમાં ગઈકાલના રોજ કેમિકલ ભરેલ ટેન્કમાં કોઈ કારણોસર ભડાકાભેર આગ લાગવાની ઘટના બની હતી. કંપનીમાં લાગેલ આગને ઠારવા માટે ૯ જેટલા ફાયર ફાઈટરો કામે લગાડવામાં આવ્યા હતા. ૯ ફાયર ફાઈટરો એ ૬ કલાક થી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. કેમિકલ કંપની લાગેલ આગની ગંભીરતાને જોતાં ૨૦૦૦ થી ૩૦૦૦ હજાર લોકોનું સ્થાળાંતર કરવામાં આવ્યું હતું. કેમિકલ કંપનીમાં લાગેલ આગને લઈ આકાશમાં ધુમાડેના ગોટેગોટા જોવા મળ્યા હતા. તેમજ વાદળો કાળા ડીંબાગ થઈ ગયા હતા. કેમિકલ કંપનીમાં લાગેલ આગને લઈ ગ્રામજનોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. કંપની નજીક આગેલ ગામના લોકો એક દિવસ ઘર છોડી અન્ય સ્થળે ચાલ્યા ગયા હતા. બાદમાં આજરોજ કુશા કેમિકલ કંપની બહાર એકઠા થયા હતા. ગ્રામજનો દ્વાર કેમિકલ કંપનીને બંધ કરવામાં આવે તેવી માંગ કરી હતી. જો કંપની બંધ કરવા નથી માંગતાનો ગામનું સ્થાળાંતર કરવામાં આવે તેવી માંગ સાથે કંપની બહાર ગ્રામજનો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. કંપની નજીક આવેલ ગ્રામજનોના રોષને જોઈને કુશા કેમિકલ કંપનીના માલિક દ્વારા ગામના પાંચ અગ્રણીઓ સાથે કંપનીમાં બેઠક યોજી હતી અને કંપની માલિક સાથે યોજાયેલ બેઠકનું ફેસબુક લાઈવ કરવામાં આવ્યું હતું. જે કંપની બહાર એકઠા થયેલા ગ્રામજનો એ નિહાળ્યું હતું. કેમિકલ કંપનીના માલિક દ્વારા ગ્રામજનો પાસે કોઈ નિર્ણય લેવા માટે બે થી ત્રણ દિવસનો સમય માંગ્યો છે. કુશા કેમિકલ કંપનીમાં આગ લાગવાની ઘટના તેમજ કંપની માંથી ફેલાતા કેમિકલ ઝેરી અસરોને લઈ ગ્રામજનો દ્વારા જીલ્લા કલેકટરને કંપની બંધ કરવામાં આવે અથવા ગામનું સ્થાળાંતર કરવામાં આવે તેવી માંગ સાથે આવેદન આપવામાં આવ્યું.

# પંચમહાલ જિલ્લામાં જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઇ

ગોધરા,

પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડના અધ્યક્ષસ્થાને જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ (દિશા) સમિતિની બેઠક સેવા સદન ખાતે યોજાઇ હતી. બેઠકમાં આણંદ-ગોધરા લાઈન સહિત રેલવેના ચાલી રહેલા કાર્યોની વિગત મેળવતા અધ્યક્ષએ ડેરોલ સ્ટેશનના ઓવરબ્રિજનું કામ સત્વરે પૂર્ણ કરવા સૂચના આપી હતી. બીએસએનએલની કનેક્ટિવીટીની સ્થિતિ પર ચર્ચા કરતા ડાઉનટાઈમ ઘટાડી જાંબુઘોડા મામલતદાર ઓફિસ અને બેન્કમાં કનેક્ટિવિટી કાયમ રહે તે અને ફોન પરત થાય ત્યારે ધારકને ડિપોઝીટની રકમ ઝડપથી મળે તે સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યા હતા. આ ઉપરાંત બીબીએનએલ દ્વારા ગ્રામ્ય સ્તરોએ કનેક્ટિવીટી માટે કેબલ નાંખવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યું હતું. ગોધરા-અમદાવાદ નેશનલ હાઈવેનો તૂટેલા હિસ્સાનું ઝડપથી જરૂરી સમારકામ કરવા, મનરેગા યોજના અંતર્ગત કામોની બાકી મંજૂરી આપવા, વિધવા સહાયના પેન્શન નિયમિત રીતે મળે તે દિશામાં કામગીરી કરવા, આત્મનિર્ભર અને સ્કિલ ઈન્ડિયા યોજનાઓ હેઠળ વધુને વધુ લાભાર્થીઓને આવરી લેવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત, સારંગપુર, કરોલી, કલ્યાણા સહિતના કેટલાક ગામોમાંથી અનિયમિત વીજપુરવઠાની ફરિયાદ બાબતે સ્થળ તપાસ કરી જરૂરી કામગીરી કરવા બાબત પણ અદયક્ષસ્થાનેથી નિર્દેશ આપવામાં આવ્યો હતો. બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, દિનદયાલ અંત્યોદય યોજના, દિન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ પેયજલ કાર્યક્રમ, જ્યોતિગ્રામ યોજના, પ્રધાનમંત્રી પાક વીમા યોજના, સર્વ શિક્ષા અભિયાન, રાષ્ટ્રીય આરોગ્ય મિશન, રાષ્ટ્રીય ખાદ્યાન્ન સુરક્ષા અધિનિયમ સહિતની વિવિધ યોજનાઓ અંતર્ગત થયેલ કામગીરીની વિગતવાર માહિતી આપી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. બેઠકમાં છોટાઉદેપુર સાંસદસુ ગીતાબેન રાઠવા, જિલ્લા પંચાયત પ્રમુખ રાજપાલસિંહ જાદવ સહિતના પદાધિકારીઓ, જિલ્લા કલેક્ટર અમિત અરોરા, ઈન ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. રાઠોડ, નિવાસી અધિક કલેક્ટર એલ.બી. બાંભણીયા સહિતના જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોઈને કટોકટીને ધ્યાનમાં રાખીને આ બેઠકમાં અધિકારીઓ ચાર અલગ-અલગ સભાખંડમાં ઉપસ્થિત રહી વિડીયો કોંફરન્સના માધ્યમથી જોડાયા હતા.

## પંચમહાલમાં આજે ૧૨ કોરોના પોઝીટીવ કેસ : કુલ આંક ૩૬૫૫ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૬૫૫ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૫, હાલોલ-૦૨, કાલોલ-૦૧, શહેરા-૦૩, ઘોઘંબા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૧૭ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૮૩.
- મૃત્યુ આંક - ૧૨૯.

## પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય યુવા ઉત્સવનું આયોજન

ગોધરા,

ભારત સરકાર દ્વારા ૧૫ થી ૨૯ વર્ષના યુવક યુવતીઓ માટે રાષ્ટ્રીય યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવનાર છે. રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં ગુજરાતની ટીમ ભાગ લઈ શકે તે માટે રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર દ્વારા રાજ્ય કક્ષાના યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવનાર છે. COVID-19 મહામારીને ધ્યાને લઇ તેનું વર્ચ્યુઅલ/ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ થી ૨૯ વર્ષના યુવાઓ નીચે અનુસારની જુદી-જુદી ૧૮ પ્રકારની સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે.

એ) કલાસિકલ ઈન્સ્ટુમેન્ટલ સોલો : ૧. સિતાર ૨. ફ્લુટ ૩. તબલા ૪. વિણા ૫.બમૃદગમ ૬. હાર્મોનિયમ ૭. ગીટાર તથા કલાસિકલ વોકલ સોલો ૮. હિન્દુસ્તાની ૯. કર્ણાટકી.

બી) કલાસિક ડાન્સ : ૧૦. મણિપુરી ૧૧. ઓડિસી ૧૨. ભરતનાટ્યમ ૧૩. કથ્થક ૧૪. કુચીપુડી.

સી) ૧૫. ફોક ડાન્સ ૧૬. ફોક સોંગ ૧૭. એક પાત્રીય અભિનય ૧૮. શીઘ્ર વકૃત્વ. ઉપરોકત ૧૮ સ્પર્ધાઓ પૈકીમાં ભાગ લેવા માંગતા કલાકારોએ પોતાની કૃતિ સીડી અથવા પેનડ્રાઈવમાં તૈયાર કરી મોડામાં મોડી તા.૨૪/૧૨/૨૦૨૦ના રોજ બપોરના ૧૪:૦૦ કલાક સુધી જીલ્લા રમતગમત અધિકારીની કચેરી, સેવા સદન ભાગ-૨ રૂમ નં.૩૫, પ્રથમ માળ ગોધરા, પંચમહાલ ખાતે જમા કરવાની રહેશે. જેમાં પોતાનું નામ, સરનામું, ઉમરનો પુરાવો જેવી વિગતો રજુ કરવાની રહેશે. સમયમર્યાદા બાદ આવેલ કૃતિ ધ્યાને લેવામાં આવશે નહિ. અન્ય નિયમો પ્રતિ વર્ષ યોજાતી જીલ્લા યુવા ઉત્સવ સ્પર્ધા મુજબના રહેશે. વધુ વિગત માટે જીલ્લા યુવા વિકાસ અધિકારી આર.એલ પારગીનો મો.૬૩૫૩૯૩૫૬૫૭ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ૬૧માં રાજયકલા પ્રદર્શન માટે કલાકૃતિઓ સાથે અરજી કરવાની રહેશે

ગોધરા,

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ૬૧મું રાજયકલા સ્પર્ધા/પ્રદર્શન યોજાનાર છે. આ પ્રદર્શનમાં જુદી-જુદી કલાઓ જેવી કે પેઈન્ટીન્ગ, શિલ્પકળા, ગ્રાફિક્સ, વાવ્હારિકકળા, છબીકળા તેમજ બાળ ચિત્રકળા ક્ષેત્રના કલાકારો પાસેથી ૬૧મી રાજયકલા સ્પર્ધામાં કલાકારો/કલાના ચાહકો, કલાસંસ્થાનાં વિદ્યાર્થીઓ, શાળાઓમાં ધોરણ ૧ થી ૧૦માં ભણતા બાળકો

(અનુ.પાના.નં.૩)

## શહેરાના ઉમરપુર ગામે સ્મશાનમાં દફનાવેલ મૃતદેહના પગ દેખાતાં ચકચાર મચી

શહેરા,

શહેરાના ઉમરપુર ગામ પાસે પસાર થતી કૂર્ણ નદીના કિનારે આવેલા વણકરવાસના સ્મશાન પાસે દફનવિધિ કરેલ લાશના પગ જોવા મળતા ગામમાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે આ મામલે સ્થળ ખાતે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી સાથે જાણવાજોગ ફરિયાદ નોંધીને

(અનુ.પાના.નં.૩)



તસ્વીર : તુષાર દરજી, શહેરા